ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/બદલી/૨૦૧૮/૧૦૮૨૩
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી
બ્લોકઃ૦૧/ ત્રીજે માળ
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તાઃ ૨૦ / ૧૦ /૨૦૧૮

## પરીપત્ર

આ કચેરીના નિયંત્રણ હેઠળની તાલીમ પાંખની સંસ્થા/કચેરીઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર સંવર્ગમાં ફરજ બજાવતા વર્ગ-૩ કર્મચારીઓએ વિનંતી બદલી અરજીઓ અત્રેની કચેરીએ રજુ કરેલ છે. હાલ વિવિધ સંસ્થાઓમાં કર્મચારીઓની ભરાયેલ અને ખાલી જગ્યાની વિગતો તેમજ અનુભવે એવુ ધ્યાન ઉપર આવેલ છે. કે અંતારીયાળ વિસ્તારની મોટા ભાગની સંસ્થાઓમાં જરૂરિયાત કરતા ઓછો સ્ટાફ છે. તેના કારણે તાલીમાર્થીઓની તાલીમને વિપરીત અસર અને ડ્રોપ આઉટ થાય છે. કર્મચારી અને તાલીમના હીતને ધ્યાને લઇ આથી આ સાથે સામેલ રાખેલ પત્રક -(અ) માં જણાવેલ <u>૮૩ સંસ્થાઓના</u> સેકટરમાં જે કર્મચારીઓ વિનંતીથી બદલી કરવા ઇચ્છુક હોય તેઓએ નવેસર થી આ સાથે દર્શાવેલ નમુનામાં સંસ્થાના વડા મારફતે અરજીની અત્રેની કચેરી ખાતેથી પ્રસિધ્ધ કરેલ કોમ્પ્યુટર પ્રોગામમાં નીચે જણાવેલ શરતોને ધ્યાને લઇ અરજી કરવા જણાવવામાં આવે છે.

ઉપરોકત વિગતોને ધ્યાને લઇ નીચે મુજબના મુદાઓને અનુસરવાનુ રહેશે.

(૧) આ કચેરીના નીચે જણાવેલ કચેરી આદેશથી બદલી થયેલ કર્મચારીઓ આ પોર્ટલમાં બદલી અરજી કરી શકશે નહી. તેમજ સંસ્થાના વડાએ પણ આવા કર્મચારીઓની વિનંતી બદલી અરજીની ભલામણ કરવાની રહેશે નહી.

(૧) વડી કચેરીના તા.૨૪/૮/૨૦૧૮ ક.આ ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/૨૦૧૮/૯૧૬૪
(૨) વડી કચેરીના તા.૨૭/૮/૨૦૧૮ ક.આ ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/૨૦૧૮/૯૧૮૫
(૩) વડી કચેરીના તા.૧૪/૯/૨૦૧૮ ક.આ ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/૨૦૧૮/૧૦૦૬૧
(૪) વડી કચેરીના તા.૨૬/૯/૨૦૧૮ ક.આ ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/૨૦૧૮/૧૦૩૩૯
(૫) વડી કચેરીના તા.૦૫/૧૦/૨૦૧૮ ક.આ ક્રમાંકઃ મકમ/વ.૩(૩)/૨૦૧૮/૧૦૫૭૨

(૨) આ સાથે સામેલ રાખેલ પત્રક (અ) માં દર્શાવેલ સંસ્થાનું જ બદલી અરજીમાં સ્થળ દર્શાવવાનુ રહશે અન્ય સંસ્થાઓ દર્શાવવી નહી

(૩) આ સંસ્થાઓ માટે વિનંતીથી બદલી અરજી અગાઉ કરેલ હશે તેવા કર્મચારીઓએ પણ નવેસરથી સામેલ રાખેલ નમુના મુજબ વિનંતીથી બદલી અરજી કરવાની રહેશે.

(૪) જો બદલી અરજી સ્વીકારવામાં આવે અને માગણીવાળી સંસ્થાએ બદલી થાય તો તેવા કર્મચારીઓએ ઓછા માં ઓછા પાંચ વર્ષ સુધી તે જ સંસ્થા ખાતે ફરજ બજાવવાની રહેશે. અને

તે કર્મચારી ૦૫ વર્ષ સુધી નવી બદલી અરજી કરી શકશે નહી તેવી સબંધીત કર્મચારીએ સંસ્થાના વડાને બાંહેધરી આપવાની રહેશે.

(૫) અત્રેથી લોન્ચ કરેલ DET MIS PORTAL http://184.95.50.50/ લીન્ક PIS માં તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાક થી તા.30/૧૦/૨૦૧૮ના રોજ સાંજે- ૬-૧૦ કલાક સુધીમાં વિનંતી બદલી અરજી માટેની નોંધ/ એન્ટ્રી કરી જેની સંસ્થાના વડાએ વિગતોની ખરાઇ કરી રજુ કરવાની રહેશે.

(૬) ઉપરોકત મુજબની ૮૩ સંસ્થાઓની વિનંતી બદલી અંગેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જો સદરહુ સંસ્થાઓ ખાતે જે તે સેકટર માં ખાલી રહેલ જગાઓ પર તાલીમના હીતમાં અન્ય સંસ્થાઓ ખાતેથી સેકટર/ટ્રેડની સીનીયોરીટીને ધ્યાને લઇ જાહેરહીતાર્થે બદલી કરી સદરહુ ૮૩ સંસ્થાઓની જગ્યાઓ ભરવામાં આવશે. જેની સંસ્થા/કચેરીના તમામ કર્મચારીઓને જાણ કરવી.

(૭) આ પરીપત્રની તમામ કર્મચારીઓને જાણ કરી સ્થળપ્રત તેમની સહી મેળવી સંસ્થાના રેકર્ડ ઉપર રાખવાનો રહેશે. તેમજ સદરહુ પરીપત્ર સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પણ જાહેર કરવાનો રહેશે

ઉકત પરીપત્રને ધ્યાને લઇ સંસ્થાન વડાએ કર્મચારીએ રજુ કરેલ બદલી અરજીની વિગતો આધાર-પુરવા સાથે ચોકસાઇ પૂર્વક ચકાસણી / ખરાઇ કરી પ્રોગામમાં એન્ટ્રી કરવાની રહેશે જો રજુ કરેલ બદલી અરજીની વિગતો ખોટી પુરવાર થશે તો તેની સઘળી જવાબદારી સંબધીત સંસ્થાના વડાની નકકી કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

(ફાઇલ ઉપર માન.નિયામકશ્રીના આદેશ છે)

બિડાણ- પત્રક-(અ)/ અરજી નમુનો

( એ.સી.મુલીયાણા )
નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

પ્રતિ , તમામ કચેરી/ સંસ્થાઓના વડા તરફ જાણ અને જરુરી કાર્યવાહી સારુ

નકલ રવાનાઃ- નાયબ નિયામકશ્રી(તાલીમ) પ્રાદેશિક કચેરી અમદાવાદ,વડોદરા,રાજકોટ અને સુરત તરફ જાણ અને ઉકત પરીપત્ર અન્વયે વિભાગીય કક્ષાએથી જરુરી કાર્યવાહી કરવા સારુ

સવિનય નકલ રવાનાઃ-(૧) પી.એ.ટુ નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરી ગાંધીનગર

(૨) પી.એ.ટુ અધિક નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરી ગાંધીનગર